VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ફાધર વાલેસની આત્મકથામાં પ્રગટ થતા બે ઉત્તમ ચરિત્રો

## સંજય પરમાર

પીએચ.ડી. સંશોધક,
જેઆરએફ, ગુજરાતી વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ

આત્મકથા લખવાનું એક પ્રયોજન જાત નિરીક્ષણનો આયામ પણ છે. ગુજરાતી સાહિત્યમાં આત્મકથા સાહિત્યસ્વરૂપ તેના ઉદભવ (મારી હકીકત) થી સમયાંતરે વિકસતું રહ્યું છે. 'સત્યના પ્રયોગો' જેવી આત્મકથામાં આ સ્વરૂપ વધું સારી રીતે ખીલ્યું છે. ગુજરાતી ભાષા જેટલી આપણા પ્રદેશના લેખકોને આકર્ષી છે તેટલી જ બીજી ભૂમિના લેખકોને આકર્ષતી રહી છે. વિદેશી સર્જકોને પણ એ એટલી જ વ્હાલી લાગી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે અન્ય ભાષાના સર્જકોએ આ ભાષાને પોતાની ભાષા જેમ આત્મસાત કરી છે. આપણા માટે એવા સર્જકોને પરપ્રાંતના સર્જકો કહેવા કે કેમ? એ પણ પ્રશ્ન છે. કારણ એટલી પોતીકી રીતે ગુજરાતી ભાષામાં સર્જન કર્યું છે. ફક્ત સર્જન નથી કર્યું તેઓ એ ભાષામાં જીવ્યા છે. કાકાસાહેબ કાલેલકર ગુજરાતી સાહિત્યમાં સવાયા ગુજરાતી તરીકે પંકાયેલા છે તે અન્ય ભાષાના સર્જક છે તેમ છતાં ગુજરાતી ભાષાને પોતીકી કરીને તેઓ આ ભાષા જીવ્યા છે આ ભાષામાં સર્જન કર્યું છે એવા એક બીજા સવાયા ગુજરાતી એટલે ફાધર વાલેસ.

તેઓ પણ ખરા અર્થમાં ગુજરાતી ભાષાને જીવ્યા છે ગુજરાતી ભાષાને તેમના થકી જીવંત રાખી છે. તેઓ જન્મે વિદેશી પરંતુ કર્મે ગુજરાતી -ભારતીય. એ ફાધર વાલેસ. મૂળ સ્પેનના. અને એકમાત્ર એવા વિદેશી સર્જક જેમને ગુજરાતી સાહિત્યનો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો છે. તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રી પુરસ્કાર પણ મળેલ છે જે આપણી સૌના માટે ગૌરવની વાત કહેવાય.

તેમના આગમનથી નિબંધ સાહિત્યસ્વરૂપ તેના ઘણી કળાએ ખીલી ઊઠ્યું. નિબંધની શક્યતાઓને ધ્યાનમાં રાખીને ઘણા નિબંધસંગ્રહો આપ્યા. તેમના નિબંધોનો વિષય માનવહિતની ભાવના, દુર્ગુણોનો ત્યાગ સદગુણોનો પ્રવેશ જીવન જીવવાની રીત, આધ્યાત્મિકતા અને સર્વ પ્રત્યે સમભાવ. કોઈ વાંચક તેમના નિબંધો વાંચે ત્યારે એમ ન લાગે કે આ કોઈ વિદેશી ભાષાના માણસે લખ્યા હશે કારણ ગુજરાતી ભાષાને એટલી આત્મીયતાથી પૂજી એ ભાષા સાથે જીવ્યા. એવા ફાધર વાલેસ આત્મકથાકાર પણ છે. તેમની આત્મકથા 'આત્મકથાના ટુકડા' ઈ.સ. ૧૯૭૯ માં પ્રકાશિત થયેલી. ગુજરાતી સાહિત્યના અભ્યાસુઓ એ ફાધરના સર્જન તરફ થોડા વેગળા રહ્યા છે જોઈએ તેવો હજુ અભ્યાસ તેમના વિચાઓરોનો પ્રસાર થયો નથી. આત્મકથાનું શીર્ષક કહે છે તેમ અહીં આત્મકથા ટુકડાઓમાં વિભાજિત છે. પ્રસંગો સળંગ નથી. શરૂઆત વર્તમાન પછી ભૂતકાળ અંતે ફરી વર્તમાનનો સમય. ૧૧૦ ની પૃષ્ઠમાં વિભાજિત થયેલી આને આત્મકથા કહેવી કે કેમ? એ અભ્યાસુનું કામ છે.

આત્મકથા માંના બે ચરિત્રો જેમના કારણે ફાધર ફાધર તરીકે ઘડાયા તેમનું ભીતરી વ્યક્તિત્વ બહાર લાવવામાં જેમનો ફાળો છે તેવા તેમના પૂજ્ય બા અને મોટાભાઈ. આત્મકથા ફાધર વાલેસે તેમની બાને અર્પણ કરેલી છે. આત્મકથાના પ્રથમ પ્રકરણમાં ફાધર ઈશ્વર પાસે પ્રાર્થના કરે છે કે, "હે ભગવાન! દૂર પરદેશમાં મારા વતનમાં વૃદ્ધ બા છે. મારે ત્યાં જઈને તેમને મળવું છે રસ્તો કરી આપજો"(પૃષ્ઠ :૨) વાચક આ વાંચીને ફાધરની માતાનું ચરિત્ર મનમાં કલ્પવા લાગી જશે. કારણ આવા પનોતા પુત્રની માતા કેવાક હશે? તે જોવું રસપ્રદ રહેશે. આત્મકથામાં ફાધર વાલેસનો વતન બાજુનો પ્રવાસ છે. તેમનો ઈશ્વર સાથેનો અતૂટ નાતો છે . આધ્યાત્મિકતા વિશે તેમના વ્યાખ્યાનો થવાના છે એ તો

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ગૌણ છે ખરું કારણ ફાધર વાલેસને તેમની માતાને મળવું છે તે છે. ઝામ્બિયા નામના દેશમાં વ્યાખ્યાનો આપતા તેઓ તેમના વતન પહોંચે છે. બા પાસે. બાને પત્ર લખી તે ઘેર આવે છે એવું જણાવે છે બા તેમની રાહ જોઈને બેઠા છે. માતાનો પ્રેમ ઝળકી આવે છે.

ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા, ઈશ્વર સાથેની નિકટતા સમગ્ર આત્મકથામાં ઝળકે છે. ફાધર વાલેસની માતાનું ચરિત્ર પ્રકરણ નવથી શરૂ થાય છે. એ પહેલાં વાચકને ફાધરના વ્યક્તિત્વનો પરિચય થાય છે. તેમના વ્યક્તિત્વમાં માતાપિતા મોટાભાઈનો મોટો ફાળો છે એ પ્રતીતિ થાય છે. પ્રથમ ફાધરની બાનું ચરિત્ર જોઈએ. વ્યાખ્યાનો, પ્રવાસ દરમ તેમને જે ભેટો મળી હતી તે તેમની બા માટે લઈને આવશે એવું પત્રમાં બાને જણાવે છે. ફોન પર બાને કહે છે હું આવું છું ઘેર બા. ત્યારે તેમની માતા કહે છે,"હા,હા મને ખૂબ સારું છે તું અહીંયા હોય અને મને સારું ન હોય એમ બને ! હવે જલદી આવજે બેટા" (પૃષ્ઠ:૩૭) કેટલો માતૃપ્રેમ. પુત્ર પ્રત્યેનું વાત્સલ્ય.મળવાની ઈચ્છા. ફાધર માતા માટે ભારતથી સારી સારી વસ્તુઓ લાવ્યા હતા. તે જોતાં તેમની માતા કહે છે " મારા માટે સારામાં સારી ભેટ તું જ છે ને !" (પૃષ્ઠ : ૪૧) કેવી માતાની મમતા. સવારે તેઓ બાની રૂમમાં જતા એટલે બા પ્રાર્થના કરતા હોય. પ્રાર્થનામાં બા ભગવાનને ફાધર વિશે કહે. કેવી આત્મિયતા અહીં પ્રગટ થાય છે. જ્યારે ફાધરના પિતાનું અવસાન થયેલું ત્યારે ઘરની સમગ્ર જવાબદારી બા પર આવી. ફાધર અને તેમના મોટાભાઈના ભણતર અને ઘડતરની પણ. બા ત્યારે પણ નિરાશ થયા વગર દૃઢ રહ્યા. ભગવાનને પ્રાર્થના કરતાં રહ્યાં: હે ભગવાન આ છોકરાઓના બાપ હવે નથી. તો તમે હવે એના બાપ થજો એમનું જીવન સુખી થાય તેની જવાબદારી તમને સોંપું છું. આ જે જ્યારે બા ફાધરને જુએ છે ત્યારે ભગવાનને કરવી તે પ્રાર્થના સફળ થઈ છે તેવું તેમને લાગે છે. ફાધર કહે છે હું નાનો હતો ત્યારે પ્રાર્થના બા પાસેથી શીખેલો. ભગવાનનું નામ પ્રથમ પણ બા પાસેથી સાંભળ્યું. બાને બાઈલ-ભજનોની પુસ્તક ભેટ આપ્યું તેમના બા તેમાંથી દરરોજ એક નવું ભજન સંભળાવતા. આધ્યાત્મિકતા અને સંસ્કારો બા પાસેથી મળ્યાં હતાં. લેખક ભારતમાં હતાં બાનો પત્ર આવે ત્યારે ભજન વિશે અચૂક વાતો કરતા હતા. ફાધર તેમના બા અને મોટાભાઈ તેમના બાપુજીએ જે બંધનું નિર્માણ કરાવેલું તે જોવા જાય છે ફાધર તેમની બા સામે જુએ છે તેમને ભય છે કે બા જૂના સ્મરણો જોઈ ગંભીર બની જશે પરંતુ બાના આંસુ કૃતાર્થતાના હતાં.

બાપુજીનું અવસાન થયાના બીજા વર્ષે સ્પેનમાં આંતરવિગ્રહ ફાટી નીકળતા તેઓ નિરાશ્રિત થઈ જાય છે ત્યારે ફાધરની બાને છોકરાઓન ભણતરની ચિંતા હતી. એ માટે બા પાડોશમાં કામ પણ કરવા ગયા.નાતાલમાં બાએ છોકરાઓને પેન્સિલ ભેટ આપી છે ફાધર માટે યાદગાર બની રહી. જ્યારે પંદર વર્ષની ઉંમરે લેખક ગૃહત્યાગ કરીને સંઘમાં જોડાય છે ત્યારે તેમના બા આશીર્વાદ આપે છે આ છે માનું હૃદય !

તેઓ નિશાળે ફાધરને મૂકવા જતાં સંઘમાં પોતે મૂકવા જાય છે. ઈશ્વર ફાધરનું રક્ષણ કરે તેવા બા આશી આપે છે. અત્યારે વર્તમાનમાં ફાધર તેમની બા મોટાભાઈ ત્રણેય એ સ્થળે પાછા જોવા જાય છે સ્મરણો વાગોળે છે. જ

જ્યારે સંઘના ઉપરીનું પત્ર દ્વારા તેડું આવે છે તેમના બા ખુશીખુશી ફાધરને સંઘમાં મૂકવા જાય છે કારણ દીકરો જીવનમાં સુખી થાય તે અન્યના જીવનને સુખી કરે એ માતાની ઈચ્છા છે.

બા જેવું જ બીજું છત્ર ફાધરને મળ્યું તે તેમના મોટાભાઈ. પિતાનું અવસાન થયું ત્યારે ફાધરના મોટાભાઈ બાર-તેર વર્ષના હશે. તેમ છતાં તે કહે છે,"બસ, હવે તારે રડવાનું નહિ, હું બધું સંભાળી લઈશ ને તને ને નાના ભાઈને કોઈ ખોટ પડવા નહિ દઉં." (પૃષ્ઠ:૫૧) ફાધર કહે છે તેમ આ વચન ભાઈએ નિભાવી જાણ્યું મોટાભાઈ ફાધરને કહે છે બા આપણાં માટે કેટલું કરે છે તેથી આપણે ભણવામાં ધ્યાન આપવું જોઈએ. આગળ જઈને મોટાભાઈ દેશના મોટા અર્થશાસ્ત્રી બની ગયા. નાનાભાઈ અને માતાની સરસ રીતે સંભાળ રાખવા લાગ્યા. લેખક ભાઈને અન્ય વેપારીઓ સાથે વેપારના સોદો કરતા જુએ ત્યારે ફાધરને કંઈ ખબર ન પડતી નવાઈ લાગતી કારણ ફાધર તો અપરિગ્રહી. કંઈ એકઠું ન કરવાનું આજીવન વ્રત.

લેખક મોટાભાઈ વિશે લખતાં કહે છે, "કુટુંબની જવાબદારી માથે લેવાનું વચન મોટાભાઈએ આપ્યું હતું એ બરાબર પાળ્યું. શરૂઆતના વર્ષોમાં બાને જાતે કામ કરવું પડતું એના પ્રેમનો બદલો એણે પૂરેપૂરો આપ્યો.બાને લઈને એ

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

દુનિયાના જોવાલાયક સ્થળોમાં ફર્યા. યુરોપના તીર્થધામો અને ખ્રિસ્તીઓને માટે પુણ્યભૂમિ એવા ઈઝરાયલની યાત્રાએ એની સાથે ગયાં. નવું ઘર બંધાવ્યું,પૂરી સગવડ કરી આપી અને જ્યારે જ્યારે એને પરદેશ જવાનું થાય ત્યારે બાને માટે કોઈ કીમતી વસ્ત્ર, ઘરનું રાચરચીલું, લાક્ષણીક સંભારણું લેતાં આવે. બાની સાથે રહી શકે એટલાં માટે એમણે લગ્ન પણ કર્યા નહિં." (પૃષ્ઠ:૫૫) ફાધર પંદર વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી સંઘમાં જોડાય છે ત્યારે બા માતાની મમતામાં આવવા કરતાં પુત્રને તેના કર્તવ્ય માટે આગળ વધારે છે. સંઘમાં જાય છે ત્યારે ઈગ્નેશસ લોયોલા જે સંઘના સ્થાપક હતાં ત્યાં ફાધર તેમના બા અને મોટાભ સાથે ફાધરને મૂકવા આવ્યાં છે. બા થોડા ગંભીર છે. ફાધર તો બાળબુદ્ધિએ ખુશ છે. બા લોયોલા સામે પ્રાર્થના કરે છે કે તે આ બાળકોના પિતા છે તેની રક્ષા કરે. અન્ય ફાધરે આ બાળક ફાધરનો હાથ પકડીને અંદર રૂમમાં ગયાં અને આવી રીતે ફાધરનો સંઘમાં પ્રવેશ થયો.

ફાધર જ્યારે સ્પેન આવવા નીકળેલા ત્યારે વચમાં એક દેશમાં તેઓ રોકાયેલા. ત્યાંની એક હોટલમાં તેમના મોટાભાઈ ઘણાં સમય પહેલાં રોકાયેલા એજ હોટલમાં ફાધર રોકાયેલા છે. ફાધર આ વાત પત્ર દ્વારા મોટાભને જણાવે છે. ફાધર સંસારના એશ આરામનો ત્યાગ કરી સાદગીભર્યું જીવન અપનાવ્યું છે ફાધર થયાં છે. એ બાબતે મોટાભાઈ કહે છે તે સંસારનો ત્યાગ કરીને શું શું ગુમાવ્યું એ પણ જોઈ લે. ફાધરના ભાઈ કહે છે કે તું આપણાં દેશ બાજું આવે તો આપણાં ઘેર જરૂર આવજે ટિકિટનિ વ્યવસ્થા હું કરીશ. મનો પણ થોડો પુણ્યનો લાભ લેવા દે. મોટાભાઈ નાનાભાઈ અને બાને એક છત્રની જેમ સાચવે છે. કાળજી લે છે ખરા અર્થમાં પિતાનું કર્તવ્ય નિભાવે છે. તેમના મોટાભાઈ ફાધર કહે છે કે તેમને શાસ્ત્રીય સંગીતનો શોખ હતો. તેમના પિતાશ્રીને પણ હતો. ફાધર ભારતમાં પાછા આવે છે ત્યારે તેમના મોટાભાઈ તેમને ધ્વનિમુદ્રિત કરેલી ભેટ બેનહોવેનની પાંચમી સિમ્ફની આપે છે. એકવાર ફાધરને ભારતમાંથી પત્ર આવે છે પત્ર તેમના બા પર હોય છે. પત્ર ગુજરાતી ભાષામાં છે તેથી ફાધર બાને વાંચી સંભળાવે છે. બા વિશે લખેલ છે તમને જોયા નથી પણ તમારા દીકરાએ તમારો ફોટા અમને બતાવ્યા છે. બા તેમના જીવનનો સંઘર્ષ ફાધરને જણાવે છે કેવા સમયમાંથી તેઓ પસાર થયા છે. આજે એમના બંને દીકરાઓ ખુશ છે પરંતુ એકસમયે બા પતિ વિના પિતા વિના નાના છોકરા સાથે કેવા દુ:ખો વેઠ્યા છે તેથી આજે સુખ છે તે વાત જાણી ફાધરને ઈશ્વરમાં માતામાં શ્રદ્ધા વધે છે. બા સાથે ફાધર ટેલિવિઝન પર કાર્યક્રમ જોઈ રહ્યા હોય છે. ઈશુના એક પ્રસંગમાંથી બા તેમના વહાલસોયા દીકરા ફાધરને કહે છે તારા હાથ એ મારાં હાથ. ફાધરના હાથની કામગીરી પાછળ બાના પુણ્ય છે. ફાધર જાહેરમાં પ્રવચન આપવા જવાના હોય ત્યારે તેમની માતા તેમની સાથે જતા. ફાધરને જ્યારે વતનમાં રહેવાનો સમય પૂર્ણ થયો છે માતાને ખબર છે હવે દીકરાનો ભારત જવાનો સમય થયો છે. તેથી ફાધરને આંખોથી અળગા થવા દેતાં નથી. આ સમય દરમિયાન માતાપુત્ર વચ્ચે સહજ રીતે તમામ વાતો ખુલ્લા મનથી થયેલી.

ફાધરને ઘેર વધારે રહેવાની ઈચ્છા થાય છે ત્યારે બા કહે છે મારા લીધે તું જવામાં મોડું કરતો નહીં. કેવી માની મમતા. દીકરા પ્રત્યેનું અપાર વાત્સલ્ય પોતાનું દુ:એ છૂપાવવાની કળા.

છેલ્લે, ફાધર ઈશુના જીવનનો એક પ્રસંગ યાદ કરે છે. ઈશુ તેની માતાને તેના શિષ્યના હાથમાં સોંપે છે તેના રક્ષણ અને સારસંભાળ માટે શિષ્યને કહે છે હવે આ જ તારી માતા છે.

તેવી રીતે ફાધર ઈશુને વિનંતી કરે છે કે મારી માતા તમને સોંપું છું. હવેથી એ તમારી માતા છે એનું રક્ષણ કરજો. માતા પ્રત્યેનો પુત્રનો અપાર પ્રેમ અહીં જોવા મળે છે. તેર-ચૌદ વર્ષના સંઘમાં જોડાયેલા એ બાળકનું ઘડતર કરવામાં આત્મીય જનોનો કેટલો ફાળો છે એ અહીં સ્પષ્ટ થાય છે. એક માતા તરીકે ફાધર વાલેસના બા નો પુત્ર માટે કેટલો ત્યાગ પ્રેમ એમાં એમનું ચરિત્ર પ્રગટ થાય છે. પુત્રના સારા માટે કેટલા દુ:ખો વેઠ્યા અને પુત્રને પ્રજાને આપ્યો આ તો કોઈ માં જ કરી શકે. ઘરમાં પિતા પછી સ્થાન મોટાભાઈનું આવે છે એક ભાઈ તરીકે ફાધર વાલેસના મોટાભાઈએ ઘરને કેવીરીતે સંભાળ્યું જાળવી લીધું એ છે ભારતીય સંસ્કૃતિ. એકબાજુ પિતાનું અવસાન થયું. બીજી બાજુ થોડા સમય બાદ નાનોભાઈ ઘર છોડી સંઘમાં જોડાઈ ગયો ઘરથી દૂર દેશમાં કાયમી વસવાટ કર્યો છતાં પણ એ સમયે માતાને સાચવ્યા એમના માટે ત્યાગ

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

કર્યો આ છે મોટાભાઈ. તેમના નાનાભાઈ ના જોડાવાના નિર્ણયથી તેઓ દુ:કંઈ થયા હશે પરંતુ છતાં તેમણે ભાઈને પોતાનું કર્તવ્ય કરવા દીધું.

આમ, ફાધર વાલેસની આત્મકથામ આ બે ચરિત્રો મુખ્ય રીતે આપણી નજર સમક્ષ તરી આવે છે. આત્મકથા તરીકે આ પુસ્તક ખરું ઉતરે છે. અહીં સત્યની તટસ્થતા છે તો જાતપરીક્ષણની એક યોજના પણ છે.

## સંદર્ભ

વાલેસ ફાધર, 'આત્મકથાના ટુકડા', પ્રથમ આવૃત્તિ-૧૯૭૯, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ.

http://vidyajournal.org